# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-12-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

****************************************************

1) લોકસભામાં આજે રાષ્ટ્રીય ગીત "વંદે માતરમ" પર એક ખાસ ચર્ચા યોજાશે.

2) પ્રધાનમંત્રી મોદીએ કહ્યું - 'વિકાસ તેમજ વારસો' ભારતની સાંસ્કૃતિક પ્રતિબદ્ધતાનું પ્રતીક.

3) ભારત અને યુરોપિયન યુનિયન આજે નવી દિલ્હીમાં મુક્ત વેપાર કરાર પર ફરી વાટાઘાટો શરૂ કરશે.

4) ગોવા આગ ઘટનામાં પોલીસે ચાર લોકોની ધરપકડ કરી.

5) ઓપરેશન સાગર બંધુ હેઠળ ભારતે શ્રીલંકાને 300 મેટ્રિક ટન રાહત સામગ્રી મોકલી.

6) પુરુષ હોકીમાં, ભારતે પહેલી મેચમાં દક્ષિણ આફ્રિકાને 5-2થી હરાવ્યું.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# VANDE MATARAM DISCUSSION

રાષ્ટ્રીય ગીત વંદે માતરમની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે આજે લોકસભામાં એક ખાસ ચર્ચા શરૂ થશે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી લોકસભામાં ચર્ચા શરૂ કરશે. ચર્ચા માટે દસ કલાકનો સમય ફાળવવામાં આવ્યો છે.

ગીત- વંદે માતરમ

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે ચર્ચા બપોરે ૧૨ વાગ્યે શરૂ થશે. તેમણે વધુમાં કહ્યું, સર્વપક્ષીય બેઠકમાં, એવું નક્કી કરવામાં આવ્યું હતું કે વંદે માતરમ પર ચર્ચા ૮ ડિસેમ્બરે થશે અને ચૂંટણી સુધારા પર ચર્ચા ૯ ડિસેમ્બરે થશે."

# PM-MESSAGE-UNESCO

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભારત માટે વારસો, જ્ઞાન અને સમુદાયના સતત પ્રવાહનું પ્રતીક છે.

શ્રી મોદીએ નવી દિલ્હીમાં યુનેસ્કો આંતર-સરકારી સમિતિના અમૂર્ત સાંસ્કૃતિક વારસાના રક્ષણ માટે 20માં સત્રના ઉદ્ઘાટન સમારોહમાં પોતાના સંદેશમાં આ મુજબ જણાવ્યું.

તેમણે કહ્યું કે ભારતનું "વિકાસ તેમજ વારસો" નું સૂત્ર આધુનિકીકરણ અને શહેરીકરણ, સંસ્કૃતિને મજબૂત બનાવવાની તેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

સાંભળીએ અમારા સંવાદદાતા સરફિરોજીનો એક અહેવાલ....

BYTE: SARFIROZI

# UNESCO HERITAGE

યુનેસ્કો આંતરસરકારી સમિતિનું 20મું સત્ર આજથી નવી દિલ્હીના લાલ કિલ્લા ખાતે શરૂ થશે. યુનેસ્કોમાં ભારતના રાજદૂત અને કાયમી પ્રતિનિધિ વિશાલ વી. શર્મા આ સત્રની અધ્યક્ષતા કરશે.

ભારતે, આ વર્ષે યુનેસ્કોની અમૂર્ત વારસાની યાદી માટે પ્રકાશ, ભાઈચારા, કરુણા અને સામુદાયિક ઉજવણીના તહેવાર દિવાળીને નામાંકિત કરી છે. કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે જણાવ્યું કે સ્વતંત્ર મૂલ્યાંકન સંસ્થાઓ દ્વારા સમીક્ષા કરાયેલી આ દરખાસ્ત પર સત્ર દરમિયાન ચર્ચા કરવામાં આવશે અને સરકારને સકારાત્મક પરિણામનો વિશ્વાસ છે.

છ દિવસીય આ કાર્યક્રમનો ઉદ્દેશ યુનેસ્કોની અમૂર્ત સાંસ્કૃતિક વારસાની યાદીમાં સમાવેશ માટે સભ્ય દેશો દ્વારા રજૂ કરાયેલા નામાંકનોની તપાસ કરવાનો, હાલના વારસા સ્થળોની સ્થિતિની સમીક્ષા કરવાનો અને અમૂર્ત સાંસ્કૃતિક વારસાના રક્ષણ માટે આંતરરાષ્ટ્રીય સમર્થન પૂરું પાડવાનો છે.

સત્રનો ઉદ્ઘાટન સમારોહ ગઈકાલે નવી દિલ્હીના લાલ કિલ્લા ખાતે યોજાયો હતો. આ પ્રસંગે બોલતા, વિદેશ મંત્રી એસ. જયશંકરે અમૂર્ત વારસાને જાળવવામાં યુનેસ્કોના કાર્યની પ્રશંસા કરી હતી.

# PUSTAK VIMOCHAN

ગૃહમંત્રી અમિત શાહે ગુજરાતના અમદાવાદમાં રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી અને ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલના જીવનચરિત્ર 'ચુનૌતિયાં મુઝે પસંદ હૈ' ના ગુજરાતી અનુવાદનું  વિમોચન કર્યું.

આ પ્રસંગે શ્રી શાહે આનંદીબેનની સંઘર્ષશક્તિ અને નેતૃત્વને બિરદાવ્યુ હતું. આનંદીબેન પટેલની સંઘર્ષથી ગૌરવ સુધીની યાત્રા પ્રેરણાદાયી હોવાનો ઉલ્લેખ કર્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ જણાવ્યુ કે, આ પુસ્તક નારીશક્તિને હરહંમેશ પ્રેરણા અને આત્મબળ આપતું પુસ્તક બની રહેશે. આ પ્રસંગે આનંદીબેન પટેલે કહ્યું, આ પુસ્તક વેચાણના તમામ નાણાં દીકરીઓના શિક્ષણ માટે વપરાશે.

# INDIA-EU-FTA

ભારત અને યુરોપિયન યુનિયન આજે નવી દિલ્હીમાં મુક્ત વેપાર કરાર પર વાટાઘાટો ફરી શરૂ કરશે.

આ બે દિવસીય વાટાઘાટોનુ સત્ર યુરોપિયન યુનિયન અને ભારત વચ્ચેના મજબૂત આર્થિક સંબંધોને આગળ વધારશે. ઇન્ડિયા વર્લ્ડ એન્યુઅલ સમિટ 2025 ને સંબોધતા, ભારતમાં યુરોપિયન યુનિયન રાજદૂત હર્વે ડેલ્ફિને જણાવ્યું હતું કે

**વર્તમાન વાટાઘાટો મૂળભૂત રીતે નવા તબક્કાનું પ્રતિનિધિત્વ કરે છે, અને તેને " યુરોપિયન યુનિયન -ભારત મુક્ત વેપાર કરાર વાટાઘાટો 2.0" ગણાવી.**

**ઉલ્લેખનીય છે કે યુરોપિયન યુનિયન ભારતનુ સૌથી મોટુ વેપારી ભાગીદાર છે, 2023-24માં બંને દેશો વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર 137.5 બિલિયન ડોલર સુધી પહોંચ્યો છે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# GOA-ARRESTS

**ગોવા પોલીસે અરપોરા નાઈટક્લબમાં લાગેલી ભીષણ આગ બાદ ક્લબના જનરલ મેનેજર અને ત્રણ કર્મચારીઓ સહિત ચાર લોકોની ધરપકડ કરી છે, આ ઘટનામાં 25 લોકો માર્યા ગયા હતા અને છ લોકો ઘાયલ થયા હતા**

**સાંભળીએ એક અહેવાલ.....**

## BYTE- NIKHIL-GOA

એક પત્રકાર પરિષદને સંબોધતા, ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવાની ચેતવણી આપી છે. મુખ્યમંત્રીએ મૃતકોના પરિવારજનોને 5 લાખ અને ઘાયલોને 50 હજારની સહાયની પણ જાહેરાત કરી છે.

# SAGAR BANDHU

ઓપરેશન સાગર બંધુ હેઠળ ભારત દ્વારા શ્રીલંકામાં 300 મેટ્રિક ટન કટોકટી રાહત સામગ્રી મોકલવામાં આવી છે.

પ્રસ્તુત છે આ અંગે અમારાં પ્રતિનિધિ આકર્શીતાનો અહેવાલ.........

VC- AKARSHITA

# HOCKEY-SOUTH-AFRICA-TOUR

પુરુષ હોકીમાં, ભારતે ગઈકાલે ત્રણ મેચની શ્રેણીની પહેલી મેચમાં યજમાન દક્ષિણ આફ્રિકાને 5-2થી હરાવ્યું.

ભારત તરફથી શૈલાનંદ લાકરા, આદિત્ય લાલગે, અમિત રોહિદાસ, હરમનપ્રીત સિંહ અને દિલપ્રીત સિંહે ગોલ કર્યા, જ્યારે દક્ષિણ આફ્રિકા તરફથી મુસ્તફા કેસિયમ અને વિવે મબાતાએ ગોલ કર્યા.

બીજી મેચ આજે રાત્રે 8:30 વાગ્યે કેપટાઉનના હાર્ટલીવેલ સ્ટેડિયમ ખાતે રમાશે

# HOCKEY-MEN-S-JUNIOR-WORLD-CUP

પુરુષ જુનિયર હોકી વિશ્વ કપની સેમિફાઇનલમાં જર્મનીએ ભારતને 5-1થી હરાવ્યું.

ચેન્નાઈના મેયર રાધાકૃષ્ણન હોકી સ્ટેડિયમ ખાતે ગઈકાલે રમાયેલી આ મેચમાં જર્મની તરફથી લુકાસ કોસેલ, ટાઇટસ વેક્સ, જોનાસ ગેર્સમ અને બેન હાશબેકે ગોલ કર્યા હતા. ભારત તરફથી અનમોલ એકાએ એકમાત્ર ગોલ કર્યો હતો.

ભારત હવે બુધવારે કાંસ્ય ચંદ્રક માટે આર્જેન્ટિના સામે રમશે, જ્યારે ફાઇનલમાં જર્મનીનો મુકાબલો સ્પેન સામે થશે.

# ISSF

ISSF શૂટિંગ વિશ્વ કપમાં સિમરનપ્રીત કૌરે મહિલાઓની 25 મીટર પિસ્તોલ ઇવેન્ટની ફાઇનલમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

જ્યારે ઐશ્વર્યા પ્રતાપ સિંહ તોમરે પુરુષોની 50 મીટર 3 પોઝિશન ઈવેન્ટમાં અને અનિશે પુરુષોની 25 મીટર રેપિડ ફાયર પિસ્તોલ ઇવેન્ટમાં રજત ચંદ્રક જીત્યો.

સિમરનપ્રીતે ફાઇનલમાં 41 પોઇન્ટનો સ્કોર કરીને સુવર્ણ ઐશ્વર્યાએ 413.3 પોઇન્ટનો સ્કોર કરીને રજત ચંદ્રક જીત્યો.

# LEH- MANALI HIGHWAY

હવામાન અને શિયાળાની સ્થિતિને ધ્યાનમાં રાખીને, 428 કિલોમીટર લાંબા લેહ-મનાલી રાષ્ટ્રીય ધોરીમાર્ગને આજથી તમામ વાહનોની અવરજવર માટે સત્તાવાર રીતે બંધ કરવામાં આવ્યો છે.

લેહ-મનાલી ધોરીમાર્ગ પરના ચાર રસ્તાઓ પરથી બરફ સાફ થયા પછી, તે આવતા વર્ષ સુધીમાં ટ્રાફિક માટે ફરીથી ખુલશે.

હાઇવે બંધ કરવાનો નિર્ણય લદ્દાખ પોલીસે જાહેર સૂચના દ્વારા જારી કરેલા આદેશમાં જણાવ્યો છે જેમાં મુસાફરોને આ માર્ગ ટાળવાની સલાહ આપવામાં આવી છે.

સામાન્ય રીતે દર વર્ષે આ હાઇ-વે નવેમ્બરના ત્રીજા અઠવાડિયાથી ટ્રાફિક માટે બંધ કરવામાં આવે છે

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજે સંદેશ, ગુજરાત સમાચાર અને નવગુજરાત સમય સહિતના અખબારોએ ગોવામાં નાઈટ ક્લબમાં આગ દુર્ઘટનામાં 25ના મોતના સમાચારને મુખ્ય શીર્ષકમાં લીધા છે.
- ફૂલછાબ દૈનિકે બંગાળના મમતા બેનરજીને ઘેરવાની તૈયારીના સમાચાર હેડલાઇનમાં લીધાં છે
- પ્રધાનમંત્રી આજે લોકસભામાં વન્દે માતરમ પર ચર્ચાની શરૂઆત કરશે, ખાલિસ્તાન સામે બ્રિટિશ સરકારની મોટી કાર્યવાહી અને અમદાવાદ બોઈંગ દુર્ઘટનાના 178 દિવસ પછી ભારતીય તપાસ ટિમ અમેરિકા જશે સહિતના સમાચાર પહેલા પાને વાંચવા મળી રહ્યા છે.